આધ્યાત્મિક જાગૃતિ અને સકારાત્મક વિચારધારાથી જ વૈશ્વિક શાંતિ શક્ય : રાષ્ટ્રપતિ

# વડોદરાના પાદરા ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ'નું લોકાર્પણ

**'સ્વ પરિવર્તનથી** વિશ્વ પરિવર્તન'ના સિદ્ધાંતને અપનાવવા આહવાન, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની વિશેષ ઉપસ્થિતિ




(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે વડોદરાના એક દિવસીય પ્રવાસે આવ્યા હતા. આ પ્રવાસ દરમિયાન તેમણે પાદરા સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નવનિર્મિત 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ' રીટ્રીટ સેન્ટરનું ખુલ્લા દિલથી અને વિધિવત લોકાર્પણ કર્યું હતું. આ દિવ્ય અવસરે રાષ્ટ્રપતિના વરદ હસ્તે "આધ્યાત્મિક જાગૃતિ દ્વારા વિશ્વ નવ નિર્માણ" પ્રોજેક્ટનો પણ સત્તાવાર શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા, ધારાસભ્યો, સ્થાનિક જનપ્રતિનિધિઓ, ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં બ્રહ્માકુમારીઝ સંસ્થાના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. લોકાર્પણ સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્ય પર ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતું કે આજે સમગ્ર વિશ્વમાં તણાવ, હિંસા અને સામાજિક વિભાજન વ્યાપેલા છે, ત્યારે માનવજાતિમાં શાંતિ અને સદ્ભાવના સ્થાપવા માટે ધ્યાન અને સકારાત્મક વિચારધારા અનિવાર્ય સાધનો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કેવળ આર્થિક પ્રગતિ પૂરતી નથી, પરંતુ એવી આધુનિક શિક્ષણ પ્રણાલીની આવશ્યકતા છે જે માનવીની બુદ્ધિની સાથે તેના વિવેકને પણ જાગૃત કરે. 'સ્વ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન'ના મહામંત્રને દોહરાવતા તેમણે વૈશ્વિક શાંતિ માટે કાર્યરત બ્રહ્માકુમારી સંસ્થાના પ્રશંસનીય કાર્યો બિરદાવ્યા હતા. આ વિશેષ પ્રસંગે રાષ્ટ્રપતિએ વડોદરા સેન્ટ્રલ જેલમાં છેલ્લા ત્રણ દાયકાથી કેદીઓના માનસિક અને હકારાત્મક પરિવર્તન માટે ચાલી રહેલા આધ્યાત્મિક અભિયાનની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે નવનિર્મિત 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ' સમાજના પ્રત્યેક વર્ગમાં શાંતિ, એકતા અને માનવતાના મૂલ્યો પ્રસારિત કરનારું એક ઉત્તમ કેન્દ્ર સાબિત થશે. દેશની યુવા શક્તિને રાષ્ટ્ર નિર્માણની અસલી કરોડરજ્જુ ગણાવતા તેમણે ઉમેર્યું કે ભારતની ૬૫ ટકા યુવા વસ્તી વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને આર્થિક અને આધ્યાત્મિક રીતે 'વિકસિત ભારત' બનાવવાના સંકલ્પને ચોક્કસપણે સાકાર કરશે. તેમણે આજના ડિજિટલ યુગના પડકારો સામે યુવાનોને આંતરિક શક્તિ, આત્મ-શિસ્ત અને નૈતિક મૂલ્યો મજબૂત કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આજના સંઘર્ષમય યુગમાં માત્ર આધ્યાત્મિક જાગૃતિ દ્વારા જ વિશ્વનું સાચું નવનિર્માણ શક્ય છે. તેમણે ભારતીય ઋષિ-મુનિઓની 'વસુધૈવ કુટુંબકમ' અને 'સર્વે ભવન્તુ સુખિનઃ' ની ભાવનાને યાદ કરતાં ચેતવણી આપી હતી કે જો મનુષ્ય નૈતિક મૂલ્યો નહીં અપનાવે, તો કેવળ ભૌતિક વિકાસ માનવ કલ્યાણને બદલે વિનાશક સાબિત થઈ શકે છે.

## વડોદરાની SSG હોસ્પિટલ પર મોટી આફત ટળી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩

શહેરની સયાજી હોસ્પિટલ પરિસરમાં આજે એક મોટો અકસ્માત ટળ્યો હતો. હોસ્પિટલના ઓપીડી વોર્ડની પાછળ આવેલા મુખ્ય વીજ ટ્રાન્સફોર્મર પર અચાનક જ એક વિશાળ પીપળાનું વૃક્ષ ધરાશાયી થવાની ઘટના બની હતી. આ બનાવને પગલે હોસ્પિટલ વહીવટી તંત્ર અને ફાયર વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. આ મુખ્ય ટ્રાન્સફોર્મર દ્વારા સમગ્ર સયાજી હોસ્પિટલમાં વીજળીનો પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો. વૃક્ષ પડવાથી હોસ્પિટલની વીજ સેવા પર વિપરીત અસર ન પડે અને દર્દીઓની સારવારમાં કોઈ અડચણ ન આવે તે હેતુથી હોસ્પિટલ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે વીજ લાઈનને ચેન્જ ઓવર કરી જનરેટર પર કાર્યરત કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ દાંડિયાબજાર ફાયર બ્રિગેડના જવાનો તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ટ્રાન્સફોર્મર અને ડીપીને કોઈપણ પ્રકારનું મોટું નુકસાન ન પહોંચે તે માટે ખાસ સાવચેતી રાખવામાં આવી હતી. ફાયર વિભાગ દ્વારા હાઈડ્રા ક્રેન બોલાવીને ઝાડને ખૂબ જ વ્યવસ્થિત રીતે નીચે ઉતારવામાં આવ્યું હતું.

વડોદરા મનપાની સ્થાયી સમિતિના એજન્ડામાં ૬ કામો

# સમા-સાવલી બ્રિજ પહોળો કરવા રૂ. ૪.૧૦ કરોડની દરખાસ્ત

**ટેકનિકલ કારણોસર** ડિઝાઇનમાં ફેરફાર થતાં ખર્ચ વધ્યો; પાણીની લાઇન ખસેડવાની કામગીરીમાં સુધારા મુદ્દે લેવાશે નિર્ણય



(પ્રતિનિધિ ) વડોદરા તા.8

વડોદરા મહાનગરપાલિકાની આગામી મળનારી સ્થાયી સમિતિની બેઠકના એજન્ડામાં નાગરિક સુવિધાઓ અને સિવિલ કામગીરીને લગતા કુલ ૬ મહત્વપૂર્ણ કામોની દરખાસ્તો રજૂ કરવામાં આવી છે. આ એજન્ડામાં સૌથી મુખ્ય અને મહત્વનો મુદ્દો સમા-સાવલી રોડ પર આવેલા કેનાલ બ્રિજની પહોળાઈ વધારવાની કામગીરી અને તે માટે જરૂરી વધારાના રૂ. ૪.૧૦ કરોડના ખર્ચની દરખાસ્તનો છે. આ ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારમાં પાણી પુરવઠાની લાઈન ખસેડવા સહિતના અન્ય વિકાસકાર્યોમાં ફેરફાર અને મંજૂરી માટેની સૈદ્ધાંતિક દરખાસ્તો પણ રજૂ કરવામાં આવી છે. સમા-સાવલી રોડ પર સતત વધતા જતા ટ્રાફિકનું ભારણ હળવું કરવાના હેતુથી કોર્પોરેશન દ્વારા કેનાલ પરના બ્રિજની પહોળાઈ વધારવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અગાઉ વર્ષ ૨૦૨૫ દરમિયાન આ બ્રિજની પહોળાઈ વધારવા માટે રૂ. ૧.૨૭ કરોડનું અંદાજપત્ર મંજૂર કરવામાં આવ્યું હતું. પરંતુ, ક્ષેત્રિય સ્થિતિ અને ટેકનિકલ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટની ડિઝાઈનમાં ફેરફાર કરવો પડ્યો છે. સુધારેલી ડિઝાઈન અને કામગીરીના વ્યાપમાં થયેલા વધારાને કારણે પ્રોજેક્ટ ખર્ચમાં વધારો થયો છે. પરિણામે, હવે આ કામગીરી માટે રૂ. ૪.૧૦ કરોડની વધારાની રકમ મંજૂર કરવા માટેની રજૂઆત સ્થાયી સમિતિ સમક્ષ મૂકવામાં આવી છે. આ બ્રિજ પહોળો થવાથી સમા, સાવલી અને આસપાસના વિસ્તારોમાં રોજના હજારો વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ માર્ગોના વિકાસ અને નવીનીકરણ દરમિયાન નડતરરૂપ બનતી પાણી પુરવઠાની લાઈન ખસેડવાના કામો હાથ ધરવામાં આવતા હોય છે. આ એજન્ડા હેઠળ, અગાઉ મંજૂર થયેલી પાણી પુરવઠા લાઈન શિફ્ટિંગની કામગીરીમાં સાઈટ પરની પ્રત્યક્ષ જરૂરિયાત મુજબ ટેકનિકલ ફેરફારો કરવાની દરખાસ્ત પણ લાવવામાં આવી છે.

ગિરાબેન ભટ્ટે શાળાઓમાં સર્જ્યું વાર્તા અને ગીતોનું જાદુઈ વિશ્વ

# વડોદરામાં બાળ સાહિત્યની મહેક, ત્રણ શાળાઓમાં બાળકો સાથે ઓતપ્રોત થયા બાળવાર્તાકાર

સ્વામી વિદ્યાનંદજી, લાધારામ અને કેળવણી ટ્રસ્ટ વિદ્યાલયમાં યોજાયા રંગારંગ બાળવાર્તા કાર્યક્રમો



(પ્રતિનિધિ ) વડોદરા તા.8

પ્રસિદ્ધ બાળ સાહિત્યકાર અને ઓજસ્વી બાળવાર્તાકાર ગિરાબેન પિનાકિન ભટ્ટ દ્વારા વડોદરા શહેરની ત્રણ પ્રતિષ્ઠિત શાળાઓમાં બાળકો માટે એક વિશેષ અને પ્રેરણાદાયી બાળવાર્તા તથા બાળગીતોના કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમોમાં બાળકોએ ભારે ઉત્સાહભેર ભાગ લઈને બાળસહજ આનંદ અને મનોરંજનની સાથે અદ્ભુત અનુભવ કર્યો હતો. આ વિશેષ પ્રવાસની શરૂઆત સવારે ૯:૦૦ વાગ્યે પ્રતાપનગર રોડ સ્થિત ગીતામંદિર ખાતે આવેલી સ્વામી વિદ્યાનંદજી વિદ્યા વિહાર સ્કૂલથી થઈ હતી. આચાર્ય જાગૃતિબેન ઠક્કરના સહયોગથી યોજાયેલા આ સત્રમાં બાલમંદિરથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓએ ગિરાબેનની અનોખી અભિનય શૈલી અને બાળસહજ ભંગિમાઓ સાથે રજૂ થયેલી વાર્તાઓનો ભરપૂર આનંદ માણ્યો હતો, જેમાં બાળકો ખૂબ જ ઓતપ્રોત થઈને સાંભળી રહ્યા હતા. ત્યારબાદ સવારે ૧૧:૦૦ વાગ્યે માંડવી સ્થિત લાધારામ સ્કૂલ ખાતે આચાર્ય શીલાબેન પાંડેના સહયોગથી બાલમંદિર અને ધોરણ ૧ થી ૫ ના ભુલકાંઓ માટે કાર્યક્રમ યોજાયો હતો. અહીં સાવ નાનકડા બાળકો ગિરાબહેનને હસાવતા-રડાવતા અને પંખીઓના અવનવા અવાજો કાઢતા સાંભળીને ખુબ જ ગેલમાં આવી ગયા હતા. દિવસનો ત્રીજો અને અંતિમ કાર્યક્રમ બપોરે ૩:૦૦ વાગ્યે અકોટા ખાતે આવેલી કેળવણી ટ્રસ્ટ વિદ્યાલયમાં યોજાયો હતો. આચાર્ય આરતીબેન પરીખના માર્ગદર્શન હેઠળ અહીં બાલમંદિરથી માંડીને ધોરણ ૭ સુધીના બાળકો માટે ચાર અલગ-અલગ સેશનમાં રસપ્રદ વાર્તાઓ અને બાળગીતો સંભળાવવામાં આવ્યા હતા.

"એક પેડ મા કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું

# આકાશવાણી વડોદરામાં સ્વચ્છતા અભિયાનની સમીક્ષા



(પ્રતિનિધિ ) વડોદરા તા.8

ભારત સરકારના "સ્વચ્છતા અભિયાન ૨૦૨૬" અંતર્ગત મકરપુરા રોડ સ્થિત આકાશવાણી વડોદરાના પરિસરમાં સૂચના અને પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ આર્થિક સલાહકાર રબીન્દ્ર કુમાર દ્વારા આ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આકાશવાણી વડોદરાના પરિસરની સ્વચ્છતા અને સુંદર લીલોતરીની મહેમાનશ્રીઓએ પ્રશંસા કરી હતી. આકાશવાણી વડોદરાના સહાયક નિદેશક શ્રી જગદીશ પરમાર સહિત સમગ્ર પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત મહેમાનઓ દ્વારા "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત આકાશવાણી વડોદરાના પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમદાવાદના ક્લસ્ટર હેડ અને ઉપ મહાનિદેશક એન. એલ. ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા

CCTV નો પોલ તોડી રોંગ સાઈડમાં બસ ભાગાડી

# વડોદરામાં ખાનગી બસ ચાલકની બેફામ ડ્રાઈવિંગથી લકોના જીવ તાળવે ચોંટ્યા

સ્મશાન રોડ પર પેટ્રોલ પંપમાંથી રિવર્સ લેતી વખતે બની ઘટના; પાલિકાની ટીમે રસ્તા પર નમેલો પોલ સાઈડમાં ખસેડી રસ્તો ખુલ્લો કરાવ્યો



(પ્રતિનિધિ ) વડોદરા તા.8

વડોદરા શહેરમાં ખાનગી લક્ઝરી બસોના ચાલકોની બેફામ અને બેદરકાર ડ્રાઈવિંગના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, જેના કારણે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. તાજેતરમાં શહેરના બહુચરાજી સ્મશાન રોડ પર એક લક્ઝરી બસના ડ્રાઈવરની ઘોર બેદરકારી અને દાદાગીરી સામે આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સ્મશાન રોડ પર આવેલા એક પેટ્રોલ પંપ પર ખાનગી લક્ઝરી બસ ચાલક બસમાં પેટ્રોલ/ડીઝલ પુરાવવા માટે આવ્યો હતો. ઈંધણ પુરાવ્યા બાદ બસને રિવર્સ લેતી વખતે ડ્રાઈવરે બેફામપણે વાહન ચલાવ્યું હતું. આ દરમિયાન વડોદરા મહાનગરપાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે જાહેર સુરક્ષા અને નિરીક્ષણ માટે લગાવવામાં આવેલો સીસીટીવી કેમેરાનો પોલ બસની અડફેટે આવી જતાં જમીનદોસ્ત થઈ ગયો હતો. ઘટના બનતા જ આસપાસના સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા. જ્યારે સ્થાનિકોએ આ ઘટનાનો વિડીયો ઉતારવાનો પ્રયાસ કર્યો ત્યારે લક્ઝરી બસનો ચાલક પોતાની ગંભીર ભૂલ છુપાવવા માટે બસને રોંગ સાઈડમાં બેફામ ગતિએ હંકારીને સ્થળ પરથી ભાગી છૂટ્યો હતો.

બીજી તરફ, અમિતનગર બ્રિજ પાસે પડેલા એક ઝાડને હટાવવાની કામગીરી પૂર્ણ કરીને પરત ફરી રહેલી પાલિકાની ટીમને રસ્તા વચ્ચે સીસીટીવીનો પોલ પડેલો જોવા મળ્યો હતો. અડચણ ન પડે અને જાહેર જનતાને તકલીફ ન થાય તે માટે કર્મચારીઓએ તાત્કાલિક સમજદારી દાખવી આ પોલને રસ્તાની સાઈડમાં ખસેડીને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. અગાઉ પણ શહેરમાં બેફામ દોડતી ખાનગી બસોના કારણે અનેક નાના-મોટા અકસ્માતો સર્જાયા છે. તંત્ર દ્વારા જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડીને રોંગ સાઈડમાં ભાગી છૂટેલા આ લક્ઝરી બસના ચાલક અને બસ એજન્સી સામે કાયદેસરના સખત પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

સર્જનાત્મકતા સાથે ભક્તિનો સંગમ

# ChargeZone પરિવાર અને બાહ્ય સહભાગીઓએ સર્જનાત્મકતાથી આરતી થાળીઓ તૈયાર કરી

(પ્રતિનિધિ ) વડોદરા તા.8

ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે Billion Lives Foundation (BLF) દ્વારા કલાકાર પ્રભા સાથે મળીને રેઝિન પૂજા થાળી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલમાં ChargeZone પરિવારના સભ્યો ઉપરાંત બાહ્ય સહભાગીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપનો ઉદ્દેશ ભક્તિ સાથે સર્જનાત્મકતા અને સામૂહિક જોડાણને પ્રોત્સાહન આપવાનો હતો. કલાકાર પ્રભા (@letras^conamor.byprabha)ના માર્ગદર્શન હેઠળ સહભાગીઓને રેઝિન આર્ટની વિવિધ પ્રક્રિયાઓથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. રંગો અને ડિઝાઈનની પસંદગીથી લઈને રેઝિન રેડવાની પ્રક્રિયા સુધી સહભાગીઓએ પોતાના હાથે આરતી થાળીઓ તૈયાર કરી હતી. અનેક સહભાગીઓ માટે આ રીતે કંઈક બનાવવાનો પ્રથમ અનુભવ રહ્યો હતો. BLFના ફાઉન્ડર કિન્નરી હરિયાણીએ જણાવ્યું હતું કે ગણેશ



ચતુર્થી ભક્તિ સાથે મળીને ઉજવણી કરવાનો પણ પર્વ છે. વર્કશોપના માધ્યમથી ટીમ અને સમુદાયને રોજિંદી વ્યસ્તતામાંથી થોડો સમય કાઢીને અર્થપૂર્ણ સર્જન કરવાની તક મળી હતી. વર્કશોપે સર્જનાત્મકતા ઉપરાંત સહભાગીઓને પરસ્પર જોડાવા અને હળવાશ અનુભવવાની તક આપી હતી. તૈયાર થયેલી દરેક હાથથી બનાવેલી થાળીએ સહિયારી સર્જનાત્મકતા અને ઉત્સવની યાદને આગવી ઓળખ આપી હતી.

સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને પર્યાવરણની અનમોલ પહેલ

# ગોત્રી હોસ્પિટલમાં 'સેવા મેરા યોગદાન' અભિયાન શરૂ

**હોસ્પિટલના** સુપરટેન્ડન્ટ અને સ્ટાફે જાતે શ્રમદાન કરી કેમ્પસને ચોખ્ખું કર્યું, મચ્છરોના ઉપદ્રવ અટકાવવા વિશેષ સફાઈ ઝુંબેશ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૩

વડોદરા શહેરની જાણીતી ગોત્રી હોસ્પિટલ ખાતે ₹સેવા મેરા યોગદાન₹ અભિયાન અંતર્ગત એક વિશાળ સફાઈ અને જાગૃતિ ઝુંબેશનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલને વધુ સ્વચ્છ, આરોગ્યપ્રદ અને દર્દીઓ માટે અનુકૂળ બનાવવાના ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓથી લઈને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અભિયાનના ભાગરૂપે હોસ્પિટલના સુપરટેન્ડન્ટ ડૉ. અનુપ ચંદાણી, ડૉ. પ્રવીણા પટેલ, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ તેમજ વર્ગ-૪ના કર્મચારીઓએ જાતે શ્રમદાન કરી હોસ્પિટલ પરિસરની સાફ-સફાઈ કરી હતી. આ દરમિયાન હાજર રહેલા સ્ટાફે હાથમાં પ્લે-કાર્ડ્સ ધારણ કરી લોકજાગૃતિનો સંદેશો ફેલાવ્યો હતો તેમજ હોસ્પિટલમાં સ્વચ્છતા જાળવી રાખવાના શપથ પણ લીધા હતા. આ પ્રસંગે હોસ્પિટલના પીએમ રૂમ નજીક ખાસ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. હોસ્પિટલ ખાતે માત્ર સફાઈ જ નહીં, પરંતુ દર્દીઓ અને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને લગતી વિશેષ પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત ગાયનેકોલોજી વિભાગમાં હોસ્પિટલમાં આવતી મહિલા દર્દીઓ માટે પ્રાયમરી ડિસીઝ અને ગાયનેક સંબંધિત બીમારીઓના સ્ક્રીનિંગ માટે વિશેષ કેમ્પ યોજાયો હતો, જેનો મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. સાથે જ નર્સિંગ સ્ટાફ અને મેડિકલ વિદ્યાર્થીઓ માટે ખાસ શૈક્ષણિક સત્ર યોજાયું હતું.

## કેરમ લેવા આવેલા પાડોશીઓનો વકીલ દંપતી સાથે ઝઘડો

વડોદરા : વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં રહેતા સરજુબેન હિતેશભાઈ પટેલ (ઉં.વ.39) વકીલાતનો વ્યવસાય કરે છે. તેમણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.21 સપ્ટેમ્બરની સાંજે આશરે સાત વાગ્યે શ્રીનાથપુરમ એપાર્ટમેન્ટમાં રહેતા નિકુંજભાઈ મોહનભાઈ પટેલ તથા તેમની માતા રંજનબેન કેરમ લેવા તેમના ઘરે આવ્યા હતા. આ દરમિયાન બંનેએ સરજુબેન અને તેમની સાસુ સાથે ઝઘડો કરી ગાળો આપી ઝપાઝપી તથા છૂટ્ટા હાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. સરજુબેને 112 પર ફોન કરતાં પોલીસ સ્થળે પહોંચી હતી. દરમિયાન તેમના પતિ હિતેશભાઈ પણ ઘરે આવી ગયા હતા. ફરિયાદ મુજબ નિકુંજભાઈ, રંજનબેન તથા તેમના પિતા મોહનભાઈએ હિતેશભાઈ સાથે પણ બોલાચાલી કરી ગાળો આપી હતી અને નિકુંજભાઈએ તેમની સાથે ઝપાઝપી કરી હતી. બાદમાં બંને પક્ષ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ત્યાં સમાધાન થયું હતું. અગાઉના ઝઘડાની અદાવત રાખી જ્યોતિબેને પણ સરજુબેન સાથે બોલાચાલી કરી ધમકી આપી હતી. સામા પક્ષે પણ ફરિયાદ નોંધાવી હતી પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી છે

કાઉન્સેલિંગ બાદ પતિએ દર મહિને પત્નીના ખર્ચ માટે રૂ.10 હજાર આપવાની ખાતરી આપી

# પતિ ઘરખર્ચના પૈસા ન આપતા કંટાળી ગયેલી પત્નીએ આખરે 181 અભયમની મદદ માંગી

(પ્રતિનિધિ ) વડોદરા તા.8

વડોદરાના સેવાસી વિસ્તારમાં પતિ ઘરખર્ચ માટે પૂરતા પૈસા આપતા ન હોવાની ફરિયાદ સાથે એક મહિલાએ અભયમ 181ની મદદ માંગી હતી. અભયમની ટીમે કાઉન્સેલિંગ કરી પતિ-પત્ની વચ્ચે સમાધાન કરાવ્યું હતું.

સેવાસી વિસ્તારમાં રહેતી એક મહિલાએ પતિ ઘરખર્ચ માટે પૈસા આપતા ન હોવાની ફરિયાદ સાથે અભયમ 181ની મદદ માંગી હતી. કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષથી તે ડિપ્રેશનની દવા લઈ રહી છે. પ્રેગ્નન્સી દરમિયાન સીઝર થયા બાદ ડિપ્રેશનની સમસ્યા શરૂ થઈ હોવાનું તેણે જણાવ્યું હતું. મહિલાને બે બાળકો છે. કેટલીકવાર દવા લેવાનું ચૂકી જતાં પતિએ કરેલી વાતો પણ ભૂલી જતી હોવાથી પૈસાની બાબતે પતિ સાથે ઝઘડો થતો હતો. બીજી તરફ પતિએ જણાવ્યું કે તે આઈટી ક્ષેત્રમાં નોકરી કરે છે અને પત્નીની સારવાર તથા ઘરની તમામ જવાબદારી પોતે નિભાવે છે. અભયમની ટીમે બંનેને સમજાવી પત્નીની દવા નિયમિત ચાલુ રાખવા તથા નાની બાબતોમાં ઝઘડો ન કરવા સલાહ આપી હતી. પતિએ દર મહિને પત્નીના ખર્ચ માટે રૂ.10 હજાર આપવાની ખાતરી આપતા બંને વચ્ચે સમાધાન થયું હતું.

## અગ્નિવીર ભરતી રેલીને સફળ બનાવવા જિલ્લા વહીવટી તંત્રની તૈયારીઓ

ગોધરા : પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને આગામી અગ્નિવીર ભરતી રેલીના આયોજન અને વ્યવસ્થાઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ભારતીય સેનાના અમદાવાદ આર્મી રિક્રૂટિંગ ઓફિસ દ્વારા અગ્નિવીર ભરતી પ્રક્રિયા અંગે રજૂઆત કરવામાં આવી હતી.

# હાલોલના વિવિધ ગણેશ પંડાલોમાં જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે કર્યા દર્શન

(પ્રતિનિધિ ) હાલોલ તા.23

હાલોલ શહેરમાં ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે, ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા તથા ઉત્સવના માહોલ વચ્ચે પંચમહાલ જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે આજે મંગળવારના રોજ હાલોલના વિવિધ ગણેશ પંડાલોની રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે વિવિધ ગણેશ મંડળોના પંડાલોમાં જઈને વિઘ્નહર્તા



શ્રીજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે તેમની સાથે હાલોલ ડિવિઝનના DYSP વી.જે. રાઠોડ તથા સ્થાનિક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ ગણેશ મંડળો દ્વારા જિલ્લા પોલીસ વડા હરેશ દુધાત તથા તેમની સાથે આવેલા પોલીસ અધિકારીઓનું સાલ, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન જિલ્લા પોલીસ વડાએ મંડળોના આયોજકો સાથે વાતચીત કરી શાંતિપૂર્ણ અને ઉત્સાહસભર વાતાવરણમાં તહેવારની ઉજવણી કરવા અનુરોધ કર્યો હતો.

## હાલોલ સિંધવાવ તળાવ કિનારે જલજીલની એકાદશીની ઉજવણી

હાલોલ : ગુરુના ચરણસ્પર્શ કે દાનભેટ હંમેશા તેમના ચરણ માંજ થાય છે જ્યારે ભાદરવા સુદ એકાદશી દાનએકાદશીના દિવસે ગુરુ પોતાના સ્વાહસ્તે હાથમાં દાન નો સ્વીકાર કરતા હોય છે. આ દર્લભ દિવ્યમનોરથ ફક્ત આ દિવસે જ ભક્તો ને મળે છે. જે અંતર્ગત હાલોલ ખાતે અબોલ પશુ પ્રેમી પૂજ્ય શ્રી વેદાંત કુમારજી મહોદય શ્રી ના સાંનિધ્યમાં દાનલીલા પર્વની ભવ્ય ઉજવણી હાલોલ ના સિંધવાવ તળાવ કિનારે હાલોલ પુષ્ટિ સંપ્રદાય દ્વારા ભક્તિમય વાતાવરણમાં કરાઈ હતી.


इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

અલકાપુરી શાખા, : ૩, વ્રજ વાડી સોસાયટી, જેતલપુર રોડ, ચીકુવાડી, અલકાપુરી, વડોદરા ૩૯૫૦૦૭.

**લોકરનું ભાડું નહીં ભરનારને લોકર તોડતા પહેલાની અંતિમ નોટીસ**

જો આ જાહેરાતની તારીખથી ૧૫ દિવસની અંદર ભાડું ચૂકવવામાં નહીં આવે, તો શાખાની અનુકૂળતા મુજબ સંબંધિત લોકર તોડીને ખોલવામાં આવશે. લોકરમાંથી મળી આવતી કોઈપણ વસ્તુઓનું વેચાણ બેંકની પ્રવર્તમાન માર્ગદર્શિકા મુજબ જાહેર હરાજી દ્વારા કરવામાં આવશે. વેચાણમાંથી મળેલી રકમનો ઉપયોગ ખર્ચ અને બાકી ભાડાની ચુકવણી માટે કરવામાં આવશે અને બાકી રહેતી વધારાની રકમ ગ્રાહકને ચૂકવવામાં આવશે.

| Sr. No. | Physical Locker Number | CBS Locker Number | Name of Customer |
|---|---|---|---|
| 1. | 75 | 9911364232 | Patel Leela N |
| 2. | 168 | 9911504985 | Madhuben Suresh Mistry |
| 3. | 237 | 9911398818 | Hansaben Shantilal Mehta |
| 4. | 30 | 9911361208 | Singh Prem Kumar |

તારીખ: ૨૩/૦૯/૨૦૨૬ અધિકૃત અધિકારી, ઈંડીયન બેંક.



यूको बैंक (भारत सरकार का उपक्रम) सम्मान आपके विश्वास का
UCO BANK (A Govt. Of India Undertaking) HONOURS YOUR TRUST

**પઝેશન નોટીસ**
પરિશિષ્ટ - ૪ (નિયમ ૮(૧)) (સ્થાવર મિલકત માટે)

માંજલપુર શાખા : ક્ષમા હાઈટ્સ, ઈવા મોલની પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦૦૧૧.
ફોન નં. ૦૨૬૫-૩૫૦૩૮૮૮, ઈમેલ : manjal@ucobank.co.in

આથી નીચે સહી કરનાર **યુકો બેંક, માંજલપુર શાખા** ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સહિત વંચાતી કલમ ૧૩(૧૨), ૧૩(૨) અંતર્ગત મળેલ સત્તાની રૂએ તા. **૧૬/૦૭/૨૦૨૬** ના રોજ ઉધારકર્તા **શ્રી પરમાર કેયુર હરીશભાઈ (ઉધારકર્તા), શ્રી હરીશ મોહનભાઈ પરમાર (સહ-ઉધારકર્તા), શ્રીમતી પરમાર શંકુતલા હરેશભાઈ (સહ-ઉધારકર્તા) અને કુમારી ભાગ્યશ્રી ભગવાન (સહ-ઉધારકર્તા)** ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાના ૬૦ દિવસોની અંદર **રૂા. ૨૫,૫૯,૨૯૨.૯૮ (રૂા. પચ્ચીસ લાખ ઓગણસાહીઠ હજાર બસ્સો બાણું અને અઠ્ઠાણું પૈસા પુરા)** તા. ૧૫.૦૭.૨૦૨૬ ના સુધી (તા. ૨૯.૦૬.૨૦૨૬ ના સુધી વ્યાજ સહિત) વત્તા વ્યાજ સાથે ચુકવવા જણાવેલ.

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ના રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૨૩.૦૯.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદાર વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, માંજલપુર શાખા** ની રકમ **રૂા. ૨૫,૫૯,૨૯૨.૯૮ (રૂા. પચ્ચીસ લાખ ઓગણસાહીઠ હજાર બસ્સો બાણું અને અઠ્ઠાણું પૈસા પુરા)** તા. ૧૫.૦૭.૨૦૨૬ ના સુધી (તા. ૨૯.૦૬.૨૦૨૬ ના સુધી વ્યાજ સહિત) વગેરે સાથેના બોજાને સહિત રહેશે. (કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં પેટા કલમ (૮) તથા કલમ ૧૩ સરફેસી એક્ટ હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો રેવન્યુ સર્વે નં. ૨૮ (અટલાદરા), બીન ખેતીલાયક જમીનનો ફાઈનલ પ્લોટ નં. ૫૩, એફ.પી. જમીનનું ક્ષેત્રફળ ૮૬૧૬ સ્કે.મી., "સફલ આઈરીસ" થી જાણીતું, ટાવર /વિંગ - એફ, પાંચમો માળ, ફ્લેટ નં. ૫૦૧, કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ ૫૫.૯૨ સ્કે.મી., બાલ્કની એરીયાનું ક્ષેત્રફળ ૪.૫૨ સ્કે.મી., અવિભાજીત હકક સાથેની જમીનનું આશરે ક્ષેત્રફળ ૨૧.૮૧ સ્કે.મી. બાંધકામ સાથે. **ચતુઃસીમા : ● પૂર્વે :** ખુલ્લુ આકાશ, **● પશ્ચિમે :** કોમન જગ્યા અને લીફ્ટ, **● ઉત્તરે :** ફ્લેટ નં. એફ/૫૦૨, **● દક્ષિણે :** ફ્લેટ નં. ઈ/૫૦૧.

સહી/-,
**તારીખ : ૨૩.૦૯.૨૦૨૬, સ્થળ : વડોદરા** **અધિકૃત અધિકારી, યુકો બેંક**